PGVCL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PGVCL

## ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૭૯/કવા–૦૪/૧૬–૧૭/ ૩૨૮૪ તા. ૧૬/૦૮/૧૭

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
શ્રી ધીરજલાલ મનજીભાઈ સાવલીયા,
C/O, શ્રી નવિનભાઈ ધીરજલાલ સાવલીયા,
ઠે. પાણીના ટાકાની પાસે
ગામ: કોલીથડ,
તા. ગોંડલ,
જી. રાજકોટ
મો: ૯૭૨૭૩ ૩૮૩૧૮

**વિષય :–ઓડિટ રીકવરી ની રકમ બાબત**
સંદર્ભ:– આપની અરજી , તા. ૨૭–૦૩–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૭૯/કવા–૦૪/૧૬–૧૭)

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(કે. ડી. વીરડીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.-૪..)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૨, ગોંડલ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 01/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

| કેસ નં. : સીજીઆરએફ : ૭૯/કવા–૦૪/૧૬–૧૭ | કમિટી મીટીંગ: તા. ૧૩–૦૪–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

**પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)**

અરજદાર (ફરીયાદી): નામ: શ્રી ધીરજલાલ મનજીભાઈ સાવલીયા, ગામ: રાજકોટ

રજુઆત કરનાર: અરજદાર શ્રી ના પુત્ર શ્રી નવીનભાઈ ધીરજલાલ સાવલીયા હાજર રહેલ હતા.

**વિરુધ્ધ**

**પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :**

પીજીવીસીએલ (કચેરી) : ગ્રામ્ય પેટા વીભાગીય કચેરી ન.–૨, ગોંડલ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.જી.મારકણા (કાર્યપાલક ઈજનેર શ્રી વિભાગીય કચેરી ગોંડલ)

## : હુકમ :

**ફરીયાદ : ઓડિટ રીકવરી ની રકમ બાબત**

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહી અને મૌખીક ચર્ચા ઓ દરમ્યાન, ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓ શ્રી ના મંજુર કરાયેલ તત્કાલ ખેતીવાડી વીજજોડાણ ની મંજુરી ના ભાવપત્રક ની કુલ રકમ રૂ.૮૪,૦૦૦/–, જે વર્ષ–૨૦૧૨ મા પીજીવીસીએલ મા ભરપાઈ કરી અને જોડાણ મેળવેલ છે. અને હાલ, આ જોડાણ ચાલુ છે. પરંતુ, જોડાણ ચાલુ થયા પછીના ૦૫ વર્ષ બાદ, પીજીવીસીએલ તરફથી, પ્રાશ્ચ્યાત અસર ની રીકવરી નુ, રૂ.૪૧,૭૦૬/૫૩ નુ, ઓડિટ રીકવરી અન્વયે નુ પુરવણીબીલ પીજીવીસીએલ તરફથી, અરજદાર શ્રી ને અપાયેલ છે. |
| ૧.૨ | ઉપરોક્ત મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે અપાયેલ એવા સવાલવાળા રૂ.૪૧,૭૦૬/૫૩ ના મળેલ એવા સવાલવાળા પુરવણીબીલ બાબતે, ફરીયાદી અરજદાર શ્રી એ, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી મા પુછપરછ કરતા, તેઓ શ્રી ને અપાયેલ સદર પુરવણીબીલ ઓડિટ રીકવરી ને આનુષાંગીક હોવાની બાબત, પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ને જણાવવામા આવેલ છે. પરંતુ, કઈ બાબતે ની ઓડિટ રીકવરી છે? તેની સ્પષ્ટતા પીજીવીસીએલ તરફથી અરજદાર શ્રી ને કરવામા આવેલ નથી. તેઓ શ્રી એ વારંવાર પીજીવીસીએલ સાથે રૂબરૂ ઉપસ્થિત રહી / પત્ર વ્યહવાર કરી અને સદર સ્પષ્ટતાઓ માંગવા છતા, પીજીવીસીએલ તરફથી ફરીયાદી અરજદાર શ્રી ને સદર ઓડિટ રીકવરી બાબતે, લેખીત સ્પષ્ટતાઓ અપાયેલ નથી. જેથી, ફરીયાદી અરજદાર શ્રી એ, આર.ટી.આઈ. એકટ–૨૦૦૫ હેઠળ માહિતી અધિકાર અન્વયે તા.૧૨–૦૧–૧૭ ના રોજ, નિયત ફી રૂ.૨૦/– ભરપાઈ કરીને, માહિતી માંગેલ હતી. કાયદાકીય રીતે આ માહિતી દિન–૩૦ મા આપવાની બાબત નિયમાધીન હોવા છતા, પીજીવીસીએલ તરફથી આજદિન સુધી તેઓ શ્રી ને, '' સદર માહિતી અધિકાર અધિનિયમન અન્વયે ની તેઓ શ્રી ની સદર અરજી નો પ્રત્યુતર '' આજદિન સુધી આપેલ નથી. પરંતુ, પીજીવીસીએલ તરફથી મૌખીક પણે અપાયેલ સ્પષ્ટતા મુજબ, તેઓ શ્રી ના મંજુર કરાયેલ સવાલવાળા તત્કાલ ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૭૭૦૩/૦૧૨૯૯/૮ ( ૦૫ હોપા ) ની વીજલાઈન ના ખર્ચ ની જે તે સમયે પુરી રકમ વસુલ કરાયેલ ન હોય, ઘટતી રકમ ની વસુલાત અન્વયે ની સદર રકમ રૂ.૪૧,૭૦૬/૫૩ નુ પુરવણીબીલ હોવાનુ, અરજદાર શ્રી ને પીજીવીસીએલ તરફથી મૌખીક પણે જણાવવામા આવેલ છે. |
| ૧.૩ | ઉપરોકત મુદદા નં. ૧.૨ ના અનુસંધાને, અરજદાર શ્રી ફોરમ કમિટી સમક્ષ રૂબરૂ ઉપસ્થિત રહીને, પીજીવીસીએલ ની નિયમાધીન પ્રણાલી ને આનુષાંગીક રહીને, ખાસ વિનંતી સહ– મૌખીક પણે ચર્ચા કરીને જણાવે છે કે, '' તેઓ શ્રી ના સદર મંજુર કરાયેલ જોડાણ ના વીજલાઈન ના ખર્ચ ની જો અગાઉ ઓછી રકમ વસુલ થયેલ હોય, અને ઘટતી રકમ ની જો સદર રીકવરી હોય તો, પીજીવીસીએલ તરફથી, તેઓ શ્રી ના સદર કેઈસ મા, રી–સર્વે, રીવાઇઝ તાંત્રીક મંજુરી, રીવાઇઝ એવા – તફાવતીય ગણતરી મુજબ નુ ભાવપત્રક વગેરે, અરજદાર શ્રી ને આપી અને – નિયમાધીન ૩૦ દિવસ ની મર્યાદા મા ચુકવણુ કરવાની જાણકારી પણ, પીજીવીસીએલ માટે આપવાની બાબત, કાયદાકીય હોવા છતા '' પીજીવીસીએલ તરફથી, આ મુજબ ની નિયમાધીન પ્રણાલી ન અનુસરીને, '' એટલેકે રીવાઇઝ ભાવપત્રક ન આપી – નિયમીત વીજબીલ ફોર્મ મા રીકવરી ની રકમ રૂ.૪૧,૭૦૬/૫૩ ઉધારી" અને તે મુજબ સદર રીકવરી કરાયેલ છે. અને, જો રીકવરી ની રકમ ભરપાઈ ન થાય તો, તાકીદે તેમનુ જોડાણ કાપવાની પણ, પીજીવીસીએલ તરફથી તેઓ શ્રી ને તાકીદ સાથે ની જાણકારી અપાયેલ છે. ફરીયાદી અરજદાર શ્રી વયોવૃધ્ધ હોય, અને પીજીવીસીએલ ની સદર |

| | |
|---|---|
| | એક તરફી કાર્યવાહી થી, તેઓ શ્રી માનસીક રીતે બેચેની અનુભવે છે. આમ, અરજદાર શ્રી ને, તેઓ શ્રી ના સદર કેઈસ મા, પીજીવીસીએલ તરફથી કરાયેલ આ મુજબ ની કાર્યવાહી, જે પીજીવીસીએલ ના નિયમાધીન પ્રણાલી થી વિરુધ્ધ તેમજ જોડાણના કરારનામા ની શરતો અંતર્ગત ની બાબતો થી પણ વિભીન્ન, અને એક તરફા તેમજ ગેરવ્યાજબી જણાયેલ હોય, તેઓ શ્રી ના સદર ફરીયાદ કેઈસ બાબતે, યોગ્ય અને વ્યાજબી રાહે, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ મૌખીક ચર્ચા, અને ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | ફરીયાદી અરજદાર શ્રી એ, અગાઉ તેઓ શ્રી ની, તેઓ શ્રી ના ગામ: કોલીથડ ખાતે આવેલ ખેતીવાડી સર્વે નંબર : ૧૧૯ / ૧ પૈકી ૨ મા, તા.૦૫–૦૭–૦૮ ના રોજ , રૂ.૨૦૦/– નોધણીચાર્જ, જે રસીદ નંબર: ૪૪૩૪૫ થી નોધાવેલ એવી, સામાન્ય યોજના હેઠળ ના નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ ની અરજી ને, ત્યારબાદ અરજદાર શ્રી એ, તા.૧૮–૦૧–૧૧ ના રોજ રૂ.૫૦૦/– ફી ભરપાઈ કરીને, જે તે સમય ની, તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ તબ્દીલ કરાવેલ હતી. જે અરજી પરત્વે પીજીવીસીએલ ની સબંધક એવી ગ્રામ્ય વિભાગીય કચેરી નં.–૨ ગોંડલ તરફથી સવેક્ષણ હાથ ધરી, અને અરજદાર શ્રી ને તેમની માંગણી મુજબ નુ, નવા ૦૫ હોપા ના તત્કાલ ખેતીવાડી વીજજોડાણ અન્વયે, સ્થળ સર્વેક્ષણ કરી અને મળેલ તાંત્રીક મંજુરી હેઠળ ની, ૧૦ મીટર ની વીજલાઈન – જે મંજુરી હેઠળ ઉભી થનાર વીજલાઈન તેમજ ટ્રાન્સફોર્મર ની કિમત ને આનુષાંગીક એવી કુલ ખર્ચ રૂ.૮૧,૯૭૯/– ની રકમ નુ , અંદાજપત્ર – એસ.આર. નંબર: ૨૮૮૫૪૦૯ થી તૈયાર કરાયેલ એવુ – અંદાજપત્ર, જે પત્ર નં. : ૫૦૯૫ તા.૦૮–૧૧–૧૧ થી અપાયેલ હતુ. આ અંદાજપત્ર ની રકમ અરજદાર શ્રી એ તા.૦૭–૧૨–૧૧ ના રોજ પીજીવીસીએલ મા ભરપાઈ કરી આપેલ હતી. |
| ૨.૨ | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૧ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની, મંજુરી મુજબ ના ભાવપત્રક ની રકમ, જે અરજદાર શ્રી એ પીજીવીસીએલ મા ભરપાઈ કરતા, પીજીવીસીએલ તરફથી, જે તે સમયે અરજદાર શ્રી ના સદર નવા તત્કાલ ખેતીવાડી વીજજોડાણ ની મંજુર કરાયેલ એવી વીજલાઈન તેમજ ટ્રાન્સફોર્મર ઉભુ કરવાની કામગીરી – જે પીજીવીસીએલ ના કોન્ટ્રાકટર મારફત હાથ ધરાયેલ હતી. આ મંજુર કરાયેલ વીજલાઈન ઉભા કરવાની કામગીરી સમયે, કોન્ટ્રાકટર ને, સદર ઉભી થનાર વીજલાઈન, જે '' ફરીયાદી અરજદાર શ્રી ના સદર જોડાણ માટે ખરેખર મંજુર કરાયેલ વીજલાઈન ના માપ કરતા, વધુ અંતર ની વીજલાઈન ઉભી કરવાની બાબત – જે સ્થળ પર વાસ્તવિક પ્રમાણે ની પરીસ્થિતી મુજબ જણાયેલ હતી. '' આવા કારણોસર, અરજદાર શ્રી ને, અગાઉ અપાયેલ ૧૦ મીટર ની વીજલાઈન ની સર્વેક્ષણ અન્વયે ની મંજુરી – જે રીવાઇઝ સર્વે અને રીવાઇઝ ટી.એસ. મુજબ, ૨૫૨ મીટર ની લંબાઈ મુજબ ની રીવાઇઝ ખર્ચ અન્વયે થયેલ હતી. પરંતુ, જે તે સમયે શરતચુક થી '' સદર રીવાઇઝ ટી.એસ. અન્વયે નુ રીવાઇઝ કરાયેલ ભાવપત્રક'' અરજદાર શ્રી ને, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી – જે લેખીત પત્ર ના રૂપ મા રીવાઇઝ ભાવપત્રક આપવા બાબતે ની, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી ની કાર્યવાહી – જે શરતચુક થી બાકી રહી ગયેલ હતી. આવા શરતચુકયુકત કારણોસર, જે તે સમયે, રીવાઇઝ ગણતરીએ થતી, સદર જોડાણ ના વીજલાઈન ની લંબાઈ બાબતે ના ખર્ચ ની – તફાવતીય રકમ રૂ.૪૦,૩૦૯/–, જે અરજદાર શ્રી પાસેથી, પીજીવીસીએલ દ્વારા વસુલ થઈ ચુકેલ ન હતી. |
| ૨.૩ | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની, અરજદાર શ્રી ના મંજુર કરાયેલ એવા સદર નવા તત્કાલ ખેતીવાડી વીજજોડાણ માટેના – અગાઉ ની ૧૦ મીટર વીજલાઈન ના ખર્ચ ની વસુલ કરાયેલ રકમ, જે રીવાઇઝ ગણતરી મુજબ, ૨૫૨ મીટર થતી હોય, જે રીવાઇઝ મંજુરી અન્વયે ની, તફાવતીય રીકવરી ની રકમ રૂ.૪૦,૩૦૯/– , જે પીજીવીસીએલ ની ઓડિટ ટીમ ના ધ્યાને આવતા, ઓડિટ ટીમ દ્વારા, સદર રીકવરી યોગ્ય એવી, કુલ રકમ રૂ.૪૦,૩૦૯/– , જે અરજદાર શ્રી પાસેથી વસુલ કરવાની દરખાસ્ત થયેલ હતી. જેના અનુસંધાને, હાલ, ૦૫ વર્ષ બાદ, પીજીવીસીએલ તરફથી, અરજદાર પાસેથી, સદર રકમ રૂ.૪૦,૩૦૯/– ની ઓડિટ આનુષાંગીક એવી રીકવરી – જે અરજદાર શ્રી ના સદર ખેતીવાડી વીજજોડાણ નં.: ૮૭૭૦૩/૦૧૨૯૯/૮ (૦૫ હોપા) ના બીલીંગ ખાતામા ઉધાર કરાયેલ છે. અને આ રકમ રૂ.૪૦,૩૦૯/– ફરીયાદી અરજદાર શ્રી ને નિયમીત વીજબીલ ના ફોર્મ મા દર્શાવી અને અરજદાર શ્રી ને સદર રીકવરી અન્વયે ની રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની જાણ કરાયેલ છે. |
| ૨.૪ | આમ, ઉપરોકત મુદદા નં. ૨.૨ અને ૨.૩ મુજબ ની વિગતો ને આનુષાંગીક રહીને, જણાવવાનુ કે, ફરીયાદી અરજદાર શ્રી ની સદર રીકવરી માટે, પીજીવીસીએલ ની સબંધક પેટા વિભાગીય કચેરી તરફથી, અગાઉ રીવાઇઝ ભાવપત્રક અપાયેલ નથી. પરંતુ, સદર રીકવરી ની આ રકમ રૂ.૪૦,૩૦૯/– ફરીયાદી અરજદાર શ્રી ને નિયમીત વીજબીલ ના ફોર્મ મા દર્શાવી અને અરજદાર શ્રી ને સદર રીકવરી અન્વયે ની રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની જાણકારી અપાયેલ છે. આમ આ રીકવરી, જે પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય હોવાનો અત્રે તરફથી ફોરમ કમિટી સમક્ષ અભિપ્રાય રજુ કરવામા આવે છે. |

**મુદદા નં.–૩ :** **: નિષ્કર્ષ :**

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧.૧ થી ૧.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની ફરીયાદ અરજી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં. ૨.૧ , ૨.૨, ૨.૩ અને ૨.૪ મા વર્ણવ્યા મુજબ ની વિગતો, તેમજ બન્ને પક્ષકારો તરફથી ફોરમ કમિટી સમક્ષ કરાયેલ રૂબરૂ ચર્ચા, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૧ | ફરીયાદી અરજદાર શ્રી ના, પીજીવીસીએલ તરફથી અગાઉ મંજુર કરાયેલ એવા, જે તે સમય ની તત્કાલ ખેતીવાડી યોજના હેઠળ ના, નવા ૦૫ હોપા ના ખેતીવાડી વીજજોડાણ માટે ની, અગાઉ ની સર્વેક્ષણ અન્વયે ની તાંત્રીક મંજુરી પ્રમાણે, સદર જોડાણ ની વીજલાઈન નુ માપ, જે ૧૦ મીટર હોય, તેના ખર્ચ મુજબ નુ, અરજદાર શ્રી ને અગાઉ પીજીવીસીએલ તરફથી અપાયેલ રૂ.૮૧,૯૭૯/– ની રકમ નુ ભાવપત્રક, જે અરજદારે અગાઉ પીજીવીસીએલ મા તા.૦૭–૧૨–૧૧ ના રોજ ભરપાઈ કરી અને કરારનામુ કરી, જે તે સમયે ટેસ્ટ રીપોર્ટ રજુ કરી, અને જોડાણ ને, પીજીવીસીએલ ની મંજુરી હેઠળ ચાલુ કરાવેલ હતુ. પરંતુ, અરજદાર ના મંજુર કરાયેલ જોડાણ માટે ની, સદર ઉભી થનાર વીજલાઈન નુ માપ, '' જે ૧૦ મીટર નહી, પરંતુ ૨૫૨ મીટર નુ હોવા બાબત ની પીજીવીસીએલ પક્ષકાર ને, વીજલાઈન ઉભા કરતા સમયે ની,સ્થળ પર ની ભૌગોલીક સ્થીતી પ્રમાણે ની ખાત્રી થતા, જોડાણ માટે ઉભી થઈ ચુકેલ અને ખરેખર જોડાણ ચાલુ થયેલ એવી સદર વીજલાઈન ની લંબાઈ ની ખરેખર અને વાસ્તવિક ૨૫૨ મીટર ની લંબાઈ નુ ખર્ચ, અરજદાર શ્રી પાસેથી વસુલ કરવા યોગ્ય હોવાની બાબત, પીજીવીસીએલ પક્ષકાર ને જણાયેલ છે.''જે, મુજબ તફાવતીય લંબાઈ ના ખર્ચ, જે નિયમાધીન રીતે અરજદાર શ્રી પાસેથી વસુલાત કરવાની બાબત, જરૂરી અને યોગ્ય હોય, તે મુજબ ની સદર તફાવતીય રકમ રૂ.૪૦,૩૦૯/– ની રીકવરી ની કાર્યવાહી, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી થયેલ છે. તે બાબત, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય અને વ્યાજબી છે. તેમજ, અરજદાર પક્ષકાર માટે પણ, સદર રકમ પીજીવીસીએલ મા ભરપાઈ કરવાની બાબત, યોગ્ય અને વ્યાજબી છે. જેથી, સદર રીકવરી ની રકમ રૂ.૪૦,૩૦૯/– , જે અરજદાર માટે ભરપાઈ કરવાની બાબત નિયમાધીન હોવાનો ,સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૨ | ફરીયાદી અરજદાર શ્રી નો સદર કેઈસ, જે – અગાઉ ની મંજુર કરાયેલ એવી વીજલાઈન ના ખર્ચ ની – લંબાઈ / અંતરની ગણતરીએ, રીવાઇઝ ખર્ચ મુજબ નો છે. જે – રીવાઇઝ ખર્ચ, અરજદાર શ્રી પાસેથી વસુલ કરવા માટે ની, પીજીવીસીએલ ની કાર્યવાહી, જે પીજીવીસીએલ મા પ્રવર્તમાન એવી નિયમાધીન પ્રણાલી અંતર્ગત ની બાબતો ને આનુષાંગીક રહી અને કંપની ની નિયમાધીન પ્રણાલી મુજબ ની ફોરમ કમિટી ને જણાયેલ નથી. સદર કેઈસ મા, પીજીવીસીએલ ની નિયમાધીન અંતર્ગત ની પ્રણાલી મુજબ, રીવાઇઝ સર્વે, રીવાઇઝ તાંત્રીક મંજુરી, રીવાઇઝ ભાવપત્રક – જે અરજદાર ને રજીસ્ટર્ડ ટપાલ મારફત પાઠવી, દિન–૩૦ ની સમયમર્યાદા આપી, અને સદર સમયમર્યાદા મા અરજદાર પાસેથી રકમ ની વસુલાત થયા બાદ, રીવાઇઝ ટી.એસ. મુજબ, માલ–સામાન વગેરે, મુકરર ઓર્ડર વાળા કોન્ટ્રાકટર / એજન્સી ને આપી, તે મુજબ, રીવાઇઝ મંજુરી અન્વયે ની વીજલાઈન ઉભી કરી, અને વીજલાઈન ઉભી થયા નુ વર્ક કમ્પ્લીશન સર્ટીફીકેટ મેળવ્યા ની પ્રક્રીયા સંપન્ન થયા મુજબ ની કાર્યવાહી – જે પીજીવીસીએલ તરફથી હાથ ધરાયેલ નથી. તેમજ, આ નિયમાધીન પ્રક્રીયા અંતર્ગત ના દસ્તાવેજીક પેપર્સ પણ, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ નથી. આમ, સદર રીકવરી ની કાર્યવાહી, જે પીજીવીસીએલ પક્ષકાર તરફથી નિયમાધીન યોગ્ય અને વ્યાજબી પણા હેઠળ ની થયેલ નથી. પીજીવીસીએલ પક્ષકાર ની આ મુજબ ની ક્ષતિગ્રસ્ત કાર્યવાહી ની બાબત ને, ફોરમ કમિટી તરફથી ગંભીર પણે લેવાયેલ છે.જેથી, સદર કેઈસ મા, અરજદાર શ્રી ને નિયમાધીન એવુ રીવાઇજ ભાવપત્રક, જે પીજીવીસીએલ ની સબંધક કચેરી ને, દિન–૧૦ મા જ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, ખાસ રજીસ્ટર્ડ ટપાલ મારફત, અરજદાર શ્રી ને ટેલીફોનીક જાણકારી હેઠળ આપવા માટે પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવા સબબ નો સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી નિષ્કર્ષ થયેલ છે. |
| ૩.૩ | સદર રીકવરી કેઈસ મા, પીજીવીસીએલ ની નિયમાધીન અંતર્ગત ની કાર્યવાહી થયેલ ન હોવાના કારણોસર જ, ફરીયાદી અરજદાર શ્રી ને લાચારીવશ ફોરમ કમિટી સમક્ષ ફરીયાદ અરજી કરવાની ફરજ પડેલ હોવાની બાબત ને ફોરમ કમિટી તરફથી ગંભીર ગણેલ છે. વીજકંપની ની આ મુજબ ની સેવાકીય ખામીઓને કારણે, વીજકંપની ના ગ્રાહકો મા, વીજકંપની પરત્વે, ભારો ભાર અસંતોષ રહેતો હોવાની બાબત, અને તેને કારણે વીજ ગ્રાહકો મા વીજકંપની ની છબી ને નુકશાન થતુ હોવાની બાબત પણ, સદર પ્રકાર ના ફરીયાદ કેઈસ મા, સ્પષ્ટ થયેલ છે. ભવિષ્ય મા આ મુજબ ની ક્ષતિયુકત કાર્યવાહીજનક બાબતો નુ પુનરાવર્તન ન થાય, તે માટે – કાર્યક્ષેત્ર હેઠળ ની તમામ કચેરીઓને ખાસ એવો આદેશાત્મક પત્ર પાઠવી અને – તાકીદ કરવા માટે, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી, સક્ષમ એવી ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટ ના વડા સમક્ષ ગંભીર નોંધ આપી અને સક્ષમ સતાધીશ નુ ખાસ ધ્યાન દોરવામા આવે છે. |

**મુદદા નં.–૪ :**

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૧ મુજબ ની વિગતે,અરજદાર પાસેથી પીજીવીસીએલ દ્વારા કરવામા આવી રહેલ વસુલાત યોગ્ય હોવાની, અરજદાર શ્રી ને જાણકારી આપવામા આવે છે. પરંતુ, નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મા વર્ણવ્યા મુજબ ની વિગતે ની, નિયમાધીન કાર્યવાહી અંતર્ગત નુ ભાવપત્રક, અરજદાર શ્રી ને, દિન–૧૦ મા જ, અત્રેના ફોરમ ની જાણકારી હેઠળ, ખાસ રજીસ્ટર્ડ ટપાલ મારફત, અરજદાર શ્રી ને ટેલીફોનીક જાણકારી હેઠળ આપવા માટે નો પીજીવીસીએલ પક્ષકાર ને આદેશ આપવામા આવે છે. તેમજ, નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૩ મા વર્ણવ્યા મુજબ ની વિગતે, સદર કેઈસ મા જણાયા મુજબ ની ક્ષતિયુકત કાર્યવાહીજનક બાબતો નુ પુનરાવર્તન ન થાય, તે માટે – કાર્યક્ષેત્ર હેઠળ ની તમામ કચેરીઓને ખાસ એવો આદેશાત્મક પત્ર પાઠવી અને – તાકીદ કરવા માટે– સક્ષમ એવી ગ્રામ્ય વર્તુળ કચેરી રાજકોટ ના વડા સમક્ષ ગંભીર નોધ, રજુ કરવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

**નોધ** જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી **સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર** મળ્યા પછીનાં ૩૦ **દિવસની અંદર, "નામદાર ઓમ્બુડસમેન** (વિદ્યુત લોકપાલ), **ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી,** બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, **આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫"** સમક્ષ લેખિત અપીલ **અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય** બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઈ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..